# ખરેખર તો ભારત જેવા કૃષિપ્રધાન દેશના રાષ્ટ્રીય પ્રાણી તરીકે બળદ હોવો જોઈએ

રાજકોટ નજીક દેવગામ પાસે આ કાળઝાળ કળિયુગમાં માનવીની સૌથી વધુ વખાણવા લાયક મનોવૃત્તિનું સાકાર સ્વરૂપ આકાર લઈ રહ્યું છે. આ વૃત્તિ એટલે કરુણા. દયા કરતાં હું એને દશાંગુલ ઉપર મૂકવામાં માનવ અવતારની સાર્થકતા ગણું છું. દયા ખાઈને કોઈ જીવને મદદરૂપ થવું એ ખોટું નથી. તુલસીદાસે કહ્યું છે એમ, 'દયા ધરમ કા મૂલ હૈ' અને જીવનના અંત સુધી માણસે એ છોડવી ન જોઈએ. પરંતુ મૂંગાં પશુઓની દયા ખાઈને એમને પાળીએ, પોષીએ કે નિભાવીએ એમાં માનવી તરીકે એમના કરતાં ઊંચા સ્તરે હોવાનો અહંકાર વર્તાય છે. આપણે બેઝિકલી તો પશુ જ છીએ. આખરે એમની જેમ આપણને પણ ભૂખ, તરસ, કામ, ક્રોધ, હર્ષશોક જેવાં સંવેદનો પજવે છે. ઊંઘ આવે છે, થાક લાગે છે. મૈત્રી ગમે છે. દુશ્મનાવટ પણ થઈ જાય છે. ફરક એટલો જ છે કે કુદરતના ઉત્ક્રાંતિ પ્લાનમાં માનવ એ બધાં કરતાં ઉપર અને આગળ વધી ગયો છે. એનું મગજ વિકસ્યું છે અને એ વિચારી શકે છે. એ વિચારી શકે છે એમ પશુપક્ષી પણ એમની મગજમર્યાદા મુજબ વિચારી શકે છે. પણ એ શું વિચારશે એ વિશે આપણે હંમેશાં શંકાશીલ રહીએ છીએ. સિંહને પણ કોઈ લાડ લડાવે એ તો ગમતું જ હોય, પણ સરકસના એના કેરટેકર સિવાય કોઈ એવું સાહસ નહીં કરે. ભય!

.... એ માપદંડમાં તો આપણે પ્રાણીઓ જેવા જ છીએ. આપણે પણ એમની જેમ ભય પામીએ છીએ અને એ પણ આપણી જેમ પ્રેમ કરે છે. ફરક છે વિચારશક્તિનો. માણસ વિચારો અને સંવેદનાસભર લાગણીઓ બોલીને, લખીને, ગાઈને એમ એકાધિક રીતે વ્યક્ત કરી શકે છે. ગાળ પણ બોલી શકે છે અને લાડ, પ્રેમ, પ્રશંસા કે ટીકા માટે પણ એણે ભાષાના વિશિષ્ટ શબ્દો શોધી કાઢ્યા છે. ચુંબન તો પશુપક્ષી પણ કરે છે, પરંતુ એ 'લવ યુ' નથી કહી શકતાં. અલબત્ત, એમની સાંકેતિક ભાષા જરૂર વાપરતાં હશે. કુદરતે

**બળદ આજીવન સંન્યાસી છે, એ મરશે ત્યાં સુધી એના માલિક માટે મરી ફીટશે, પોતાના ગજા બહારની જહેમત ઉઠાવી માલિક ખેડૂતને સમૃદ્ધ કરવા તૈયાર રહેશે**

કે ઈશ્વરે માનવીને પ્રાણીઓ કરતાં વધારે શક્તિશાળી અને બુદ્ધિશાળી બનાવી બાકીની જીવસૃષ્ટિ પર શાસન કરવાની ચાનક ચડાવી દીધી છે. શારીરિક શક્તિમાં કદાચ એ ઘણાં પ્રાણીઓ કરતાં નબળો લાગે, પણ એણે બુદ્ધિનો ઉપયોગ કરીને સિંહ અને વાઘ જેવાં હિંસક પ્રાણીઓથી લઈ હાથી જેવા પડછંદ પ્રાણીને વશ કરી દીધાં છે, એટલે એ જગતનું સૌથી શક્તિશાળી પ્રાણી જ ગણાય. ક્યારેક કોઈ જૂના રજવાડામાં જવાનું થાય છે ત્યારે દરબારગઢમાં દીવાલો પર ચોંટાડેલાં વાઘ, દીપડા કે ચિત્તાનાં કપાયેલાં મોઢાં અને માથાં જોઈ એ વન્ય પ્રાણીઓની દયા આવે છે. ફોટામાં રાજવીને શિકાર કરેલા વન્ય પ્રાણીના મૃતદેહ પાસે એમની બંદૂક ટેકવીને ઊભેલા જોઈ એમના વંશજો ભલે ગૌરવ અનુભવે, પણ આપણે તો શિકાર અને શિકારી બેઉની દયા જ ખાઈએ.

આપણા દેશનો પશુપાલક દુનિયાની બીજી બધી પ્રજાઓ કરતાં એક બાબતમાં વધારે સંસ્કારી છે. તે જીવદયામાં માને છે. તે બીજા દેશોના ખેડૂતો અને પશુપાલકો માફક વસૂકી ગયેલાં કે ઘરડાં થઈ ગયેલાં પ્રાણીઓને કતલખાને નથી મોકલતો. દૂધાળાં પશુઓ પાળીપોષી એમની પાસેથી બદલામાં દૂધ-ઘી જેવો પોષક આહાર મેળવે છે. દૂધઉદ્યોગ અનેક પશુપાલક પરિવારો માટે એમની આજીવિકા બની ગયો છે. ગુજરાત શ્વેતક્રાંતિનું ઉદગમસ્થાન બની રાષ્ટ્રને વિશ્વના સૌથી મોટા દૂધ ઉત્પાદક દેશોમાં અગ્રિમ હરોળમાં મૂકી ગૌરવ અનુભવે એ સ્વાભાવિક છે. બીજા દેશો અને આપણા દેશના પશુપાલકો વચ્ચે સૌથી મોટો ફરક એ છે કે આપણા પશુપાલકો પ્રાણીઓને પરિવારનાં સભ્યો જેવો પ્રેમ કરે છે.

હું ખેડૂત પરિવારમાં જન્મેલી વ્યક્તિ છું. બાળવયે ભેંસો ચારી છે. બળદોને કૂવામાંથી પાણી કાઢવા માટે 'કોસ'ના મજબૂત વરત સાથે જોડી મોટાભાઈને મોજથી ભજન ગણગણતા જોવા એ મારા બાળમાનસ માટે એક લહાવો હતો. એ બળદોનું અમારા ઘરમાં માણસ કરતાં અદકેરું મહત્ત્વ હતું. પિતાશ્રી એમને 'ગાયના જણ્યા' કહી લાડ લડાવતા. એમને ક્યારેક નાળ વડે ઘી પીવડાવતા. ગોળ ખવડાવી રાજી કરતા. ખાલી સૂકું ઘાસ ખાઈને બિચારા આખો દિવસ હળ કેવી રીતે ખેંચી શકે! ખેડૂત પોતાના કરતાં બળદોની વધુ ચિંતા કરતો હોય છે. આખરે એ પોતાના હાથપગ છે એવી રૂઢ માન્યતા એને પરંપરાગત વારસામાં મળી હોય છે. આંગણામાં હાથી જેવી બળદની જોડ બાંધેલી હોય એ ખેડૂતનું ગૌરવ ગણાતું.

હું અડધી સદી પહેલાંના ખેડૂતની વાત કરું છું. આજે તો સો વીઘા જમીનના જાગીરદારના આંગણે પણ બળદનાં દીદાર મુશ્કેલ બની ગયાં છે. બળદોનું સ્થાન ટ્રેક્ટર અને




બીજાં મશીનોએ લઈ લીધું છે. અગાઉ બળદ અનિવાર્ય હતા. ખેતી અને બળદ એકમેકના પર્યાય જેવા શબ્દો લાગતા. હવે બળદ ભૂતકાળની ઘટના બની ગયો છે. હા, હજી નાના અને સીમાંત ખેડૂતો, જેમને ટ્રેક્ટર વસાવવું નથી પોસાતું, એ જૂની પદ્ધતિને વળગી રહ્યા છે ખરા. હમણાં હમણાં મને મારા બાળપણના મિત્રો જેવા એ બળદોની મીઠી યાદ આવે છે ત્યારે આંખ ભીની થઈ જાય છે. કેવું વફાદાર પ્રાણી! એણે જિંદગીમાં ઘાસચારા અને બહુ બહુ તો ગોળ-ઘી જેવી પરોણાગત સિવાય બીજું શું માણ્યું હતું? વાછરડા રૂપે જન્મ્યો હશે ત્યારે એને કાં તો અળખામણો કરીને મહાજન સંચાલિત પાંજરાપોળમાં મોકલી દેવાયો હશે અથવા થોડો વખત સરખી રીતે લાલપાલ કરીને ખસી કરી રેલ્લો બનાવી દેવાયો હશે. હવે એ માતાજીના ભગત જેવો આજીવન બ્રહ્મચર્યનો ઉપાસક બની ગયો એટલે એને ઉત્તેજનામાં આવી ગયેલી

**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

ગાય જોઈને પણ એની પાછળ દોટ મૂકવાનું મન થાય જ નહીં. બળદ આજીવન સંન્યાસી છે, એ મરશે ત્યાં સુધી એના માલિક માટે મરી ફીટશે, પોતાના ગજા બહારની જહેમત ઉઠાવી માલિક ખેડૂતને સમૃદ્ધ કરવા તૈયાર રહેશે.

ખેડૂતો પણ આ બાબત પેઢીઓના અનુભવથી જાણે છે. એટલે જેમને યાંત્રિક ખેતી મોંઘી પડતી હોય છે એવા નાના ખેડૂતો હજી બળદોની જોડ રાખીને પરંપરાગત ખેતી કરી રહ્યા છે. બળદને પરિવારનો જ સભ્ય ગણતા ખેડૂતો માટે એનો ઘાસચારો પૂરો પાડવાની ક્ષમતા ખૂટે ત્યારે એ મૂંઝાય છે. આ વર્ષે ગુજરાતમાં વરસાદ પડ્યો ખરો, પણ કેટલાક વિસ્તારોમાં તો એનું પ્રમાણ બહુ જ ઓછું રહ્યું છે. જામનગર, દ્વારકા, પોરબંદર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં ચોમાસું સાવ કોરું ધાકોર ગયું અને દુકાળનાં ડાકલાં વાગવા લાગ્યાં છે. સમજુ ખેડૂતો કુદરતની કૂડી નજરનો તાગ પામી ગયા છે. જીવથીય વહાલા ગાયના જણ્યાને આંગણે બાંધી રાખી ભૂખે મારવા કરતાં સખી દાતાઓના સહયોગથી શરૂ થયેલા દેવગામના બળદ આશ્રમમાં મૂકી આવવામાં એમને શાણપણ વરતાયું છે. જેમને જીવની જેમ જતનથી સાચવીને ખેતી કરીને બે ટંકનો રોટલો રળતા હતા, એમને સરખો ઘાસચારો નહીં નીરી શકાય એવી લાચારી સાથે એ પંથકના ખેડૂતોએ રડતી આંખે પોતાની બળદજોડ સામે પગલે એ આશ્રમમાં મૂકી આવવા લાઈનો લગાવી છે. ફક્ત એ દુષ્કાળગ્રસ્ત વિસ્તાર માટે જ નહીં, એકલા ગુજરાત માટે પણ નહીં, બલકે આખા ખેતીપ્રધાન દેશ માટે આ સ્થિતિ નામોશીજનક ગણાવી જોઈએ. શું એનો કોઈ જ ઉકેલ નથી? સખી દાતાઓના દયાભાવ બદલ એમને ધન્યવાદ આપું છું, પરંતુ સાથે જ વર્ષો પહેલાં મેં એક લેખમાં સરકાર અને સમાજને કરેલી ટકોર રિપીટ કરું છું: જો આપણે ખરેખર એક ખેતીપ્રધાન દેશની સંવેદનશીલ પ્રજા હોઈએ તો આપણે બળદોને રાષ્ટ્રીય પ્રાણી ઘોષિત કરી કતલખાને જતા અટકાવવા જોઈએ. આ કાર્ય આઝાદ ભારતની આપણી પહેલી સરકારે જ કરવા જેવું હતું. કમનસીબે આપણા ખેતીપ્રધાન દેશમાં ચરણસિંહના એક અપવાદ સિવાય કોઈ ખેડૂતનો દીકરો વડાપ્રધાન પદ સુધી પહોંચ્યો જ નહીં. કોંગ્રેસે એનું ચૂંટણીચિહ્ન જરૂર બે બળદની જોડી રાખ્યું, પણ બળદના યોગક્ષેમની ચિંતા ક્યારેય ના કરી! વૃદ્ધ બળદોની કતલ આજે પણ કાયદેસર ગણાતી હોય તો એ ખરેખર આપણા માટે ઘણી જ નામોશીભરી બાબત ગણાવી જોઈએ. બળદો થોડા આંદોલન કરી શકે એમ છે? હા, એમના નિસાસા જરૂર આપણને વિચલિત કરતા રહેશે.

# અશાંતિ અને અજંપાનું મુખ્ય કારણ શું છે?

આજે માણસ સતત અધીરો થતો જઈ રહ્યો છે. એક મિનિટ સ્થિર ક્યાંય બેસવું હોય તો બેસી શકતો નથી. ફોન પર વાત કરતી વખતે તે ચાલે છે. અગાઉ સ્વજન કે દૂરના મિત્ર સાથે મહિને પત્ર દ્વારા વાત થતી. પરંતુ હવે પ્રતિદિન અને જ્યારે કરવી હોય ત્યારે બોલીને કે લખીને થઈ શકે છે. વિડિયો કૉલ દ્વારા પણ થઈ શકે છે. સ્વજનની કે પ્રિયજનની આટલી નિકટ હોવા છતાં તેને કેમ સ્નેહની હૂંફ સાલે છે? આટલું મનોરંજન ઉપલબ્ધ હોવા છતાં તેને કેમ એવું લાગે છે કે જીવનમાં કંઈક ખૂટે છે? દર અડધી કલાકે સરેરાશ માણસ વૉટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, યુટ્યૂબ કે ટ્વિટર જુએ છે. આમાંય વૉટ્સએપમાં વ્યક્તિગત મેસેજ, ગ્રુપમાં મેસેજ અને લોકોનાં સ્ટેટસ જોવામાં આવે છે. સ્ટેટસ તો એવી ચીજ છે જે એક વ્યક્તિના સ્ટેટસમાંથી ઑટોમૅટિક બીજી વ્યક્તિ પર જાય છે એટલે કે એક વ્યક્તિએ મૂકેલું સ્ટેટસ તમે જુઓ તે પછી તમારે બીજી વ્યક્તિના સ્ટેટસને જોવા હાથનો ઉપયોગ કરવો પડતો નથી. તે આપોઆપ બીજી વ્યક્તિનું સ્ટેટસ દેખાડે છે. તમારા કોન્ટેક્ટમાં હજારો લોકો હોય, તે બધાનાં સ્ટેટસ તમે આપોઆપ હાથનો એક જ વાર ઉપયોગ (સ્ટેટસ ટૅબ ખોલવા માટે) કરીને જોઈ શકો છો.

આવું ફેસબુકમાં પણ છે. ન્યૂઝફીડમાં લોકોએ શું લખાણરૂપે પોસ્ટ મૂકી છે, વીડિયો શું મૂક્યો છે, તે જોવાનું થાય. તે પછી સ્ટોરીમાં પણ વૉટ્સએપ સ્ટેટસની જેમ બદલાતું રહે છે. ફેસબુકમાં તો તમારા ફ્રેન્ડલિસ્ટમાં ન હોય તેવા લોકોની સ્ટોરી પણ બતાવે છે. તેમાં પાછું ફેસબુક સામેથી કામુક ગલગલિયાં થાય તેવા રીલનો પ્રિવ્યૂ બતાવે એટલે તેમાં લોકો ઘૂસે અને પછી અનંત સમય સુધી આ ચાલતું રહે. યુટ્યૂબમાં પણ આવું જ છે અને ટ્વિટર પણ હવે શીખી ગયું છે. એક વીડિયો જોયો તો આપોઆપ બીજા વીડિયો આવે છે અને બીજા એવા લોકોના વીડિયો પણ હોઈ શકે જેમને તમે

**અબીલ ગુલાલ**
જયવંત પંડયા

ફૉલો નથી કરતા. કોઈ પણ જગ્યાએ બેઠાં તમે ઓટીટી પર કે યુટ્યૂબ પર મનગમતી ફિલ્મ જોઈ શકો છો. તમે ધારાવાહિક જોવાનું ચૂકી ગયા હો તો તે તમારા સમયે જોઈ શકો છો. તમે ક્યાંય પણ બેઠા હો તો ઑનલાઇન ઑર્ડર કરીને ભોજન મગાવી શકો છો. આ બધાં છતાં માણસમાં અજંપો છે. રીલમાં કે ફિલ્મમાં કંઈ કૉમેડી આવે છે તો માણસ હસી લે છે, પરંતુ તે સિવાય માણસ પર નિર્દોષ હાસ્ય ગાયબ છે. હા, યુવાનો કે સમવિચારી લોકો મળે અને મજાક-મસ્તી થાય ત્યારે હસી લે છે. પરંતુ તેમાંય ક્યારે મતભેદ, મનભેદ અને વિવાદ થઈ જાય તે નક્કી નહીં. માણસમાં અશાંતિ અને અજંપો કેમ છે? તેનાં બીજાં અનેક કારણો હોઈ શકે. સૌથી મોટું તો સોશિયલ મીડિયામાં આવતી તુલના છે. બિફોર અને આફટરની. એટલે દેખાવથી લઈને ધનની તુલના થાય છે. પોતાના મિત્રવર્તુળમાં કોઈએ કાર ખરીદી તો તેના સ્લો મોશનવાળા વીડિયો સ્ટેટસ કે પોસ્ટરૂપે મૂકવામાં આવે છે. તે જોઈને પોતાને પણ ઈચ્છા થાય છે. અને આવી ઈચ્છાઓની યાદી અનંત છે. પરંતુ અશાંતિ અને અજંપાનું મોટું કારણ જે કોઈને ધ્યાનમાં નથી આવતું તે છે બૅકગ્રાઉન્ડ મ્યુઝિક! આ બૅકગ્રાઉન્ડ મ્યુઝિક કેવું હોય છે? લાઉડ, ઍગ્રેસિવ અથવા ડિપ્રેસિવ. આજની સિરિયલો તમે જુઓ અને દૂરદર્શનના સુવર્ણ દાયકા ('80થી '90) ની સિરિયલો જુઓ. આજની સિરિયલોમાં સતત બૅકગ્રાઉન્ડ મ્યુઝિક આવે છે. ડાયલોગે-ડાયલોગે. અને સિરિયલો મોટા ભાગે ષડયંત્રો, ગુસ્સા અને નિરાશાવાળી હોય છે. આજે દુ:ખની અભિવ્યક્તિ પણ રાડો પાડીને કરવામાં આવે છે. આક્રંદ કરવામાં આવે છે. તેમાં સંગીત પણ એવું જ આપવામાં આવે છે. પહેલાં દૂરદર્શન પર આજના કાર્યક્રમોની જાહેરાત લેખિતરૂપે આવતી ત્યારે કોઈ વૉઇસ ઓવર નહોતો એટલે કે કોઈ અવાજ તેની ઉદ્ઘોષણા કરતો નહોતો. માત્ર લખાણ આવતું અને તેમાં નદી ખળખળ વહેતી હોય તેવું લાગે તેવો સંતૂર પર ધીમા મંદ વાદનનો સ્વર આવતો.

**સ્ટેટસ તો એવી ચીજ છે જે એક વ્યક્તિના સ્ટેટસમાંથી ઑટોમૅટિક બીજી વ્યક્તિ પર જાય છે એટલે કે એક વ્યક્તિએ મૂકેલું સ્ટેટસ તમે જુઓ તે પછી તમારે બીજી વ્યક્તિના સ્ટેટસને જોવા હાથનો ઉપયોગ કરવો પડતો નથી**

કોઈ મોટી વ્યક્તિનું મૃત્યુ થયું હોય તો રાજકીય શોક રૂપે એક કે ત્રણ દિવસ સુધી દૂરદર્શન પર સમાચાર જ આવે, મનોરંજનના કાર્યક્રમો બંધ રહેતા. ફિલ્મોમાં પણ સારી ઘટના બને તો સિતારના તાર રણઝણી ઊઠે અને શોકનો પ્રસંગ હોય તો ધીમા અવાજે વાંસળીના સ્વર વહેતા. કોઈનું વિમાન દ્વારા બીજા મોટા શહેરમાં અથવા પરદેશ ગમન બતાવવું હોય તો વિમાનના ઘરઘરાટીભર્યા અવાજના બદલે વાયોલિનના સ્વર સાંભળવા મળતા. ઘણી ફિલ્મોમાં તો લડાઈ થતી હોય તો ઢિશુમ ઢિશુમ આવો મોઢેથી બોલાતો અવાજ સાંભળવા મળે, પણ બૅકગ્રાઉન્ડ મ્યુઝિક ન હોય.

સમાચારોમાં પણ સતત લાઉડ બૅકગ્રાઉન્ડ મ્યુઝિક ચાલુ હોય છે. સમાચાર એકધારા નહીં, પરંતુ એક-એક વાક્ય બોલીને આપવામાં આવે છે. "શું કહ્યું હતું તેમણે?" આવું એન્કર બોલે. વળી સસ્પેન્સવાળું

સંગીત આવે. તે પછી "આ નેતાની બીજા નેતા સાથેની મુલાકાત કેમ છે ચર્ચામાં?" આવું બોલી વળી સંગીત આવે. એમ કરીને અડધી કલાક પૂરી કરવામાં આવે. સિરિયલમાં પણ એક-એક સંવાદે બધાના રિએક્શન બતાવવામાં આવે. ચહેરા પર લાઇટની ફ્લૅશ થાય. અમુક સંવાદો ઈકોમાં આપવામાં આવે. વળી, બ્રેકમાં જાહેરખબર આવે ત્યારે ત્યાંથી અવાજ લાઉડ થઈ જાય એટલે રિમોટથી અવાજ ધીમો કરવો પડે. વળી, સિરિયલ ચાલુ થઈ જાય એટલે અવાજ વધારવો પડે. આ બધું ચીડ અપાવનારું છે. તમારે રિમોટ સતત હાથમાં રાખવું પડે છે. સિરિયલમાં વાર્તા પણ કારણ વગર ખેંચવામાં આવે છે અને ડ્રગ્સ કરતાંય મોટો નશો આવી સિરિયલોનો હોય છે. તમને ખબર છે કે સિરિયલમાં વાર્તા ખેંચવામાં આવે છે તો પણ ઘણા લોકો તેને છોડી શકતા નથી. આવું વેબસિરીઝનું પણ છે.

રીલમાં પણ વચ્ચે-વચ્ચે હસવાના અથવા ગુસ્સાના અવાજો મોટા હોય છે. એમાંય હવે ફેસબુકમાં સેટિંગમાં જઈને પ્રેફરન્સ ન્યૂઝફીડનો ન રાખો (જે ઘણાને ખબર જ નથી) તો સીધું રીલ ખુલે છે અને અવાજ સાથે તે ચાલુ થાય છે. વૈજ્ઞાનિકોએ ઝાડ અને પાણી પર પ્રયોગો કર્યા છે. ઇટાલીની ફ્લૉરેન્સ યુનિવર્સિટીના જીવવિજ્ઞાની સ્ટેફાનો મૅન્કુસોએ લાંબા ગાળાનો અભ્યાસ કર્યો છે. તેમાં એવું પ્રતિપાદિત થયું છે કે જે છોડ-ઝાડને દસ વર્ષ સુધી શાસ્ત્રીય સંગીત સંભળાવવામાં આવ્યું તેનાં પાંદડાં મોટાં થયાં અને તેમાં સારાં ફળ આવતાં હતાં. (હવે તો શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો જ ક્યાં થાય છે? અને દૂરદર્શન પર પણ પહેલાં રાત્રે 11 વાગે શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો આવતા તે હવે આવતા નથી.) આનાથી વિપરિત લાઉડ અને ઍગ્રેસિવ-હેવી મેટલ સંગીતની છોડ-ઝાડ પર ખરાબ અસર થાય છે. છોડ-ઝાડના કોષોને નુકસાન થાય છે. તેનાથી તેનો વિકાસ ધીમો પડે છે અને છોડ-ઝાડ અકાળે કરમાઈ જાય છે.

જો છોડ-ઝાડ પર આવી અસર થતી હોય તો માણસ પર ન થાય?

# યુનિવર્સિટી યુવક મહોત્સવ - યુવા શક્તિના સંગમનો રંગમંચ

ગુજરાતમાં આજકાલ યુનિવર્સિટી યુવક મહોત્સવની સિઝન ચાલે છે.ઉતર ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટીના યુવક મહોત્સવ પૂર્ણ થઈ ગયા છે.ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીનો યુવક મહોત્સવ તા.1થી 4 નવેમ્બર,2026 દરમિયાન યોજાવાનો છે, જ્યારે કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનો યુવક મહોત્સવ આગામી ડિસેમ્બર માસમાં યોજાનાર છે. આમ તો યુનિવર્સિટીના નામથી મોટાભાગે લોકોના મનમાં પરીક્ષા, પુસ્તક અને નોકરીનો જ વિચાર આવે છે. પણ કેમ્પસની અંદર એક બીજી દુનિયા પણ ધબકે છે - નૃત્ય, સંગીત, નાટક અને સાહિત્યની દુનિયા.આ દુનિયાનું સૌથી મોટું સરનામું એટલે યુનિવર્સિટી યુવક મહોત્સવ. તેને અંગ્રેજીમાં Youth Festival કહે છે. આજે તે દરેક યુનિવર્સિટીની ઓળખ બની ગયો છે.

**મનોજ મ.શુકલ**

આ યુનિવર્સિટી યુવક મહોત્સવનો ઈતિહાસ શું છે? તેનો જવાબ એવો મળે છે કે આઝાદી પછીનો સમય હતો,દેશ 1947માં આઝાદ થયો,પણ યુવાનોમાં નિરાશા હતી, ભાગલાનો ઘા હતો. તત્કાલીન વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ માનતા હતા કે યુવાનોને માત્ર પુસ્તકોથી નહીં, પણ કલાથી જોડવા પડશે. તેમના જ વિચારથી 1954માં દિલ્હીમાં પ્રથમ વખત આંતર-યુનિવર્સિટી યુવક મહોત્સવ યોજાયો.

આ યુવક મહોત્સવના ત્રણ મુખ્ય ઉદેશ હતા. પહેલો,(૧):-દેશના અલગ અલગ રાજ્યના વિદ્યાર્થીઓ એકબીજાની સંસ્કૃતિને ઓળખે, જેથી રાષ્ટ્રીય એકતા મજબૂત થાય. બીજો,(૨):-ભણતરની સાથે વિદ્યાર્થીની અંદર રહેલી છુપી કળાને બહાર લાવવી અને ત્રીજો(૩):- અંગ્રેજોના જમાનામાં જે શિક્ષણ માત્ર નોકરી માટે હતું, તેને જીવનલક્ષી બનાવવું. આ કાર્યક્રમને વ્યવસ્થિત રૂપ આપવા માટે 1975માં સ્થપાયેલી સંસ્થા Association of Indian Universities (AIU) ને જવાબદારી સોંપાઈ. AIU એ 1955થી દર વર્ષે રાષ્ટ્રીય કક્ષાએ યુવક મહોત્સવ યોજવાનું શરૂ કર્યું. પહેલા વર્ષે તેમાં માત્ર 10-12 યુનિવર્સિટીઓ હતી, આજે 200થી વધુ યુનિવર્સિટીઓ ભાગ લે છે. ગુજરાતમાં સરદાર પટેલ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી જેવી યુનિવર્સિટીઓએ 1960ના દાયકાથી પોતાના કેમ્પસ કક્ષાએ યુવક મહોત્સવ શરૂ કર્યા છે.

છેલ્લા 70-75 વર્ષથી યોજાતા આ યુવક

મહોત્સવના આયોજનનું સ્વરૂપ શું આજે શું છે? એવો પ્રશ્ન જરૂર થાય.તેનો જવાબ એવો છે કે,આજે યુવક મહોત્સવનું આયોજન ત્રણ સ્તરે થાય છે, અને તેનું સ્વરૂપ સંપૂર્ણ પ્રોફેશનલ બની ગયું છે.(1):- સૌથી પહેલા દરેક કોલેજમાં પોતાનો યુવક મહોત્સવ થાય છે. તેમાંથી શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ પસંદ થાય છે.(2):-ગુજરાત જેવા મોટા રાજ્યમાં એક યુનિવર્સિટીમાં 300 કોલેજો હોય. એટલે તેને 3-4 ઝોનમાં વહેંચવામાં આવે છે. પહેલા ઝોનલ ફેસ્ટિવલ થાય, પછી તેના વિજેતાઓ યુનિવર્સિટીના મુખ્ય ઈન્ટરઝોનલ યુવક મહોત્સવમાં આવે છે. આ મહોત્સવ 3 થી 5 દિવસ ચાલે છે.(3):-દરેક યુનિવર્સિટીના વિજેતા AIU દ્વારા આયોજિત વેસ્ટ ઝોન, અને પછી નેશનલ યુથ ફેસ્ટિવલમાં જાય છે. આમાં જીતનાર ભારતનું પ્રતિનિધિત્વ કરે છે.

**યુનિવર્સિટી યુવક મહોત્સવની સ્પર્ધાઓને 5 મુખ્ય વિભાગમાં વહેંચવામાં આવી છે.**

(૧) સંગીત વિભાગ.જેમા શાસ્ત્રીય ગાયન,સમૂહગીત, લોકગીત, લગ્નગીત અને ભજનનો સમાવેશ થાય છે..
(૨) નૃત્ય વિભાગમાં શાસ્ત્રીય નૃત્ય(ભરતનાટ્યમ, કથ્થક), લોકનૃત્ય,ક્રિએટીવ કોરીયોગ્રાફી વગેરેનો સમાવેશ થાય છે.
(૩) રંગભૂમિ વિભાગમાં એકાંકી નાટક, માઈમ, મિમિક્રી, સ્કિટ વગેરે નો સમાવેશ થાય છે.
(૪) સાહિત્ય વિભાગમાં વક્તૃત્વ સ્પર્ધા, ક્વિઝ, ડિબેટ વગેરેનો સમાવેશ થાય છે.
(૫) લલિતકલા વિભાગમાં ચિત્રકલા, રંગોળી, મહેંદી, ફોટોગ્રાફી,કાર્ટૂનિંગ. ઓન ધી સ્પોટ પેઈન્ટિંગ વગેરેનો સમાવેશ થાય છે.

આજે આ આખું આયોજન ભારત સરકારનું યુથ વેલ્ફેર વિભાગ અને વિદ્યાર્થીઓની ટીમ કરે છે. સ્ટેજ, લાઈટ, સાઉન્ડ, જજ બધું પ્રોફેશનલ હોય છે. ઘણી યુનિવર્સિટીઓમાં તેનું લાઈવ પ્રસારણ પણ થાય છે. આ આયોજન અંગે પહેલો પ્રશ્ન એ થાય છે કે કેટલા યુવાનો આ મહોત્સવમાં રસ લે છે?આ પ્રશ્નનો જવાબમાં આ અંગેના આંકડાઓ જોવા જેવા છે. AIU ના રિપોર્ટ મુજબ દેશભરમાં દર વર્ષે લગભગ 20 લાખ વિદ્યાર્થીઓ કોઈને કોઈ સ્તરે યુનિવર્સિટી યુવક મહોત્સવમાં ભાગ લે છે. ગુજરાતની વાત કરીએ તો એકલી ગુજરાત યુનિવર્સિટીમાં દર વર્ષે 40,000 થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લે છે. એક સમય હતો જ્યારે તેમાં માત્ર આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લેવા જતા, આજે એન્જિનિયરિંગ, મેડિકલ, ફોરેન્સિક સાયન્સ અને લો કોલેજના વિદ્યાર્થીઓ પણ ઉત્સાહથી ભાગ લે છે.

આટલો બધો રસ લેવાનું કારણ શું? પહેલું કારણ છે માર્ક્સ નહીં, ઓળખ. યુવક મહોત્સવમાં જીતનાર વિદ્યાર્થી આખી યુનિવર્સિટીમાં જાણીતો થઈ જાય છે. બીજું, આજે ઘણી સ્પર્ધાઓમાં રોકડ ઈનામ, સર્ટિફિકેટ અને ગ્રેડમાં વધારાના ગુણ મળે છે. ત્રીજું અને સૌથી મોટું કારણ - સોશિયલ મીડિયા. સ્ટેજ પરનો વિડીયો ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થાય છે, જેનાથી ઘણા વિદ્યાર્થીઓને ટી.વી, ફિલ્મ અને સંગીતમાં તક મળે છે. પરેશ રાવલ, સિદ્ધાર્થ રાંદેરિયા જેવા અનેક કલાકારો યુવક મહોત્સવમાંથી જ બહાર આવ્યા છે. જો કે હવે યુવક મહોત્સવમાં પ્રોફેશનલ કોચિંગ કલ્ચર આવી ગયું છે.

**નહેરુએ જે હેતુથી 1954માં તે શરૂ કર્યો હતો- રાષ્ટ્રીય એકતા અને વ્યક્તિત્વનો વિકાસ -તે હેતુ આજે પણ એટલો જ જીવંત છે**

મોટી કોલેજો બહારથી કોરિયોગ્રાફર લાવે છે, 50,000નો ડ્રેસ ભાડે લાવે છે. તેનાથી નાની કોલેજો અને ગ્રામ્ય કોલેજના સાચા કલાકારો પાછળ રહી જાય છે. આ ઉપરાંત રીલ અને શોર્ટ વિડીયોના જમાનામાં 3 કલાકનું શાસ્ત્રીય ગાયન સાંભળવાની ધીરજ પણ ઓછી થઈ છે. યુવક મહોત્સવ માત્ર એક કાર્યક્રમ નથી, તે ભારતના યુવાનોની લોકશાહી છે.અહીં જાતિ, ધર્મ, પૈસો જોવાતો નથી, માત્ર કલા જોવાય છે. નહેરુએ જે હેતુથી 1954માં તે શરૂ કર્યો હતો- રાષ્ટ્રીય એકતા અને વ્યક્તિત્વનો વિકાસ -તે હેતુ આજે પણ એટલો જ જીવંત છે. કદાચ ડિગ્રી કરતા પણ વધુ, વિદ્યાર્થીને યુવક મહોત્સવનો સ્ટેજ જ જીવનમાં આગળ લઈ જાય છે. યુવાઓ અને વિદ્યાર્થીઓ અંગે વાત કરવાના અનેક વિષય છે. તેમાં આ યુનિવર્સિટી યુવક મહોત્સવ પણ હવે એક વિષય છે એ જ એના આયોજનની સિદ્ધિ ગણી શકાય! આ માટે એટલું જ કહી શકાય કે યૌવનનો જય હો.

**ઈતિ સિદ્ધમ્**

"ઘટમાં ઘોડા થનગને,આતમ વીંઝે પાંખ,
અણ દીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ"
-ઝવેરચંદ મેઘાણી